# Joshi Brothers Associates®

## Labour Law Consultants

ISO 9001:2015 Certified

**Kirit R. Joshi**
ADVOCATE, Guj High Court
+91 98795 09942

: Offices :
204, Manek Center, Opp Old Income Tax Office, Jamnagar. 361008
03, Satyam Galaxy Near OM Cineplex,Gandhidham- Kutch. 370205

**CA Karan K. Joshi**
Advocate
MCom, FCA, LL.B, FPC (USA)

**MINIMUM WAGES - 01.10.2026 to 31.03.2027 - GUJARAT STATE JURISDICTION**

ગુજરાત સરકાર શ્રી દ્વારા તા ૦૫/૧૦/૨૦૨૬ ના રોજ બહાર પાડવામાં આવેલ નોટિફિકેશન મુજબ તા ૦૧/૧૦/૨૦૨૬ થી દૈનિક મોંઘવારી ખાસ ભથ્થા માં Rs.૧૨ નો વધારો જાહેર કરવામાં આવેલ છે. જેથી તા ૦૧/૧૦/૨૦૨૬ થી ૩૧/૦૩/૨૦૨૭ સુધીના દૈનિક પગારના દરો નીચે મુજબ છે.

**ZONE - I**

| Sr | Category | Basic | Special Allow. | Per Day ₹ |
|---|---|---|---|---|
| 1 | Skilled | 474.00 | 72.50 | 546.50 |
| 2 | Semi-Skilled | 462.00 | 72.50 | 534.50 |
| 3 | Un Skilled | 452.00 | 72.50 | 524.50 |

**ZONE - II**

| Sr No. | Category | Basic | Special Allow. | Per Day ₹ |
|---|---|---|---|---|
| 1 | Skilled | 462.00 | 72.50 | 534.50 |
| 2 | Semi-Skilled | 452.00 | 72.50 | 524.50 |
| 3 | Un Skilled | 441.00 | 72.50 | 513.50 |

## IMPORTANT NOTES

નોંધ ૧ : મ્યુનિસિપલ વિસ્તારો, મ્યુનિસિપલ કોર્પોરેશન તથા મ્યુનિસિપાલિટી માં આવતા દરેક એકમો / સંસ્થાઓ ને ઝોન ૧ ના મિનિમમ વેજિસ લાગુ પડશે, તે સિવાય ના વિસ્તારો માં આવેલ એકમો ને ઝોન ૨ માં મિનિમમ વેજિસ લાગુ પડશે.

નોંધ ૨ : ઉપરોક્ત મિનિમમ વેજિસ માં મીઠા ઉત્પાદન / સોલ્ટ વોર્કસ, જરી ઉદ્યોગ, ઈંટ ઉત્પાદન, રેડી મેડ ગાર્મેન્ટ્સ, તમાકુ અને બીડી ઉદ્યોગ તથા કૃષિ વ્યવસાય ઉદ્યોગો નો સમાવેશ થતો નથી.

નોંધ ૩: આ થી સર્વે ને જાણ કરવામાં આવે છે કે ભારત સરકાર ના તારીખ 25th September 2026 ના ગેઝેટ નોટિફિકેશન દ્વારા તા. 1st October 2026 થી ગુજરાત ના તમામ જિલ્લાઓ અને વિસ્તારો માં (કે જેમાં પેહલા ESI Scheme નો આંશિક અમલ હતો અથવા સાવ અમલ જ ન હતો તેવા બધા જિલ્લાઓ તથા વિસ્તારો) ESIC યોજના નું અમલીકરણ કરવામાં આવેલ છે.
જે થી, આખા ગુજરાત - અને ખાસ કરી ને જામનગર (JAMNAGAR) - દેવભૂમિ દ્વારકા (Devbhumi Dwarka) અને કચ્છ (Kutch) જિલ્લા ની હદ માં આવતા દરેક એકમો, સંસ્થાઓ અને વાણિજ્ય પેઢીઓ કે જેમાં ૧૦ અથવા ૧૦ થી વધારે માણસો ને નોકરી પર રાખેલ, એવી સંસ્થાઓ એ ESIC - Code On Social Security 2020 હેઠળ તાત્કાલિક ધોરણે નોંધણી કરવાની થાય છે અને October 2026 નો પગાર કે જે November 7th 2026 સુધી માં કરવાનો રહે છે, તેમાં ESIC ની કપાત તથા માસિક રીટર્ન તથા પેમેન્ટ કરવાનું અનિવાર્ય અને ફરજીયાત છે.

નોંધ ૪ : જે સંસ્થા ને EPF નો કાયદો લાગુ પડતો હોય તેઓને EPFO માં તા ૧૭th September 2026 ના રોજ થી MAXIMUM WAGE CEILING Rs ૧૫,૦૦૦/- થી વધીને Rs. ૨૫,૦૦૦/- સુધી ની થઇ ગયેલ છે. જે થી હવે Rs. ૨૫,૦૦૦/- સુધી ના 'WAGES" ઉપર ફરજીયાત EPF CONTRIBUTION ભરવું અનિવાર્ય થયેલ છે.



| :Contact Details: | JAMNAGAR OFFICE | GANDHIDHAM OFFICE |
|---|---|---|
| Email Address | jbajamnagar@gmail.com | joshibrothersassociates@gmail.com |
| Phone Numbers | 0288-2558429, 9081919942, 9662077200 | 9879669599 , 9879509942 |
| WhatsApp Numbers | 9081919942 | 9879669599 , 9879509942 |

શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય
બ્લોક નં-03, E1, E2, F2 વીંગ,
પહેલો માળ, કર્મયોગી ભવન,
સેક્ટર ૧૦- એ, ગાંધીનગર
Web: www.col.gujarat.gov.in

ક્રમાંકઃશ્ર.આ.૬/ટે.3/૨૦૨૬/ ૫૦૩ થી ૫૨૪ તા: ૦૫/૧૦/૨૦૨૬

પ્રતિ,
(૧) અધિક શ્રમ આયુક્તશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૨) નાયબ શ્રમ આયુક્તશ્રી, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ
(તાબાની કચેરીઓને પરિપત્રિત કરવા સારૂ)
(3) કચેરીની સર્વે શાખાઓ, ૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૨,ખાસ સેલ, બી.ઓ.સી.ડબલ્યુ અને આઈ.ટી.સેલ.
(૪) શાખાની સિલેક્ટ ફાઈલ/ પરિપત્ર ફાઈલ

શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળના ખાસ ભથ્થાની જાહેરાત.

લઘુત્તમ વેતન અધિનિયમ.૧૯૪૮ હેઠળ સરકારશ્રીએ જે તે વ્યવસાય માટે નિયત કરેલ મૂળ પગારના દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારિત આપવાના ખાસ ભથ્થાના દૈનિક દર હવે **તા.૦૧-૧૦-૨૦૨૬ થી તા.૩૧-૦૩-૨૦૨૭** સુધીના સમય માટે નીચે મુજબ રહેશે.

| ક્રમ | અનુસૂચિત વ્યવસાય/વ્યવસાય | ખાસ ભથ્થાના દૈનિક દર (રૂા. પૈસા ) |
|---|---|---|
| ૧ | ૪૬ અનુસૂચિત વ્યવસાય, શીપ બ્રેકીંગ તથા સ્વીપીંગ અને કલીનીંગ કામની વ્યવસાય (વ્યવસાય) | રૂા.૭૨.૫૦/- |
| ૨ | ૭ અનુસૂચિત વ્યવસાય (૧.ઈંટ ઉત્પાદન, ૨.જરી ઉદ્યોગ, ૩.રેડી મેડ ગારમેન્ટ, ૪.મીઠા ઉદ્યોગ, ૫.તમાકુ અને બીડી બનાવવાનો ઉદ્યોગ તથા ૬.કૃષિ વ્યવસાય) | રૂા.૧૫૮.૫૦/- |

આમ, અનું નં ૧ અને ૨ ની સામે દર્શાવેલ વ્યવસાયોમાં ઉપરોક્ત સમયગાળા દરમ્યાનનાં ખાસ ભથ્થાના દૈનિક દર જાહેર કરવામાં આવે છે.

નાયબ શ્રમ આયુક્ત
અને લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮
અન્વયેના સક્ષમ અધિકારી, ગાંધીનગર